જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૦૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૧૧-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોની લોકસભા બેઠક પર જંગ જામશે,મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે

લોકસભા ચૂંટણી: આજે ૯૧ બેઠક પર પ્રથમ તબક્કાનું મતદાન યોજાશે



ન્યુ દિલ્હી

લોકસભા-૨૦૧૯ની ચૂંટણીને લઈને પ્રથમ તબક્કાનું મતદાન આવતી કાલે યોજાશે. પ્રથમ તબક્કામાં ૧૧ એપ્રિલે ૨૦ રાજ્યોની ૯૧ લોકસભા બેઠકો પર મતદાન થશે. જેમાંથી આંધ્ર પ્રદેશની તમામ ૨૫ લોકસભા સીટો પર મતદાન થશે.

લોકસભા ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. કોંગ્રેસ, ભાજપ સહિત તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચાર તેજ છે. આમ લોકસભા-૨૦૧૯ની ચૂંટણીને લઈને પ્રથમ તબક્કાનું મતદાન આવતી કાલે યોજાશે.

આ ઉપરાંત અસમની ૫, બિહારની ૪ સીટ, છત્તીસગઢની એક સીટ, જમ્મૂ-કાશ્મીરની બે સીટ, મહારાષ્ટ્રની સાત સીટ, મણિપુરની ૨, મેઘાલયની ૨, નાગાલેન્ડ-મિઝોરમની એક-એક, તેલંગાણાની ૧૭, યૂપીની ૮, ઉત્તરાખંડની ૫ અને પશ્ચિમ બંગાળની ૨ સીટો પર મતદાન થશે. મંગળવારે મોડી સાંજે આ રાજ્યોમાં ચૂંટણી પ્રચાર અટકી ગયો હતો. ૧૭મી લોકસભા માટે દેશમાં ૭ તબક્કામાં મતદાન થવાનું છે.

પ્રથમ તબક્કામાં ૧૨૭૯ ઉમેદવાર મેદાનમાં છે. તેમાંથી ૮૯ મહિલા છે. ૧૭% કલંકિત, ૩૨% કરોડપતિ અને ૪૯% ગ્રેજ્યુએટ ઉમેદવાર છે. આંધ્ર પ્રદેશની ૧૭૫, સિક્કિમી ૩૨ અને ઓડિશાની ૨૮ વિધાનસભાની બેઠકો માટે પણ મતદાન યોજાશે.

પ્રથમ તબક્કાનો પ્રચાર અટક્યો ત્યાં સુધીમાં દેશભરમાંથી ૧૮૬૩ કરોડ રૂપિયાના ડ્રગ્સ, દારૂ, રોકડ, સોનું વગેરે ઝડપાયું છે. ઉત્તર પ્રદેશમાં મુખ્ય ટક્કર ભાજપ, કોંગ્રેસ અને બસપા, સપા અને આરએલડીના મહાગઠબંધન વચ્ચે જોવા મળશે. જ્યારે ઉત્તરાખંડમાં ભાજપ, કોંગ્રેસ અને બસપા વચ્ચે જંગ જામશે. જ્યારે બિહારમાં ચાર બેઠક પર ચૂંટણી યોજાવા જઇ રહી છે. જેમાં ૪૪ ઉમેદવારો મેદાનમાં છે. બિહારમાં મુખ્ય પક્ષ ભાજપ, જેડીયુ અને કોંગ્રેસ-આરજેડી ગઠબંધન છે.

પહેલા તબક્કામાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી, અજીતસિંહ ચૌધરી, વી.કે.સિંહ અને જયંત ચૌધરી, જીતનરામ માંઝી, મહેશ શર્મા, અસદુદ્દીન ઔવેસી, ચિરાગ પાસવાન સહિત ૧૦ વી.વી.આઈ.પી. ઉમેદવારોનું નસીબ ઈવીએમમાં કેદ થશે. ૧૧ એપ્રિલે પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થયા પછી ૧૮ એપ્રિલે બીજા, ૨૩ એપ્રિલે ત્રીજા, ૨૯ એપ્રિલે ચોથા, ૬ મેના રોજ પાંચમા, ૧૨ મેના છઠ્ઠા અને ૧૯ મેના રોજ સાતમા તબક્કાની ચૂંટણી થશે. ૨૩ મેના રોજ તમામ ૫૪૩ બેઠકોની ગણતરી કરવામાં આવશે.

મેગા રોડ-શોમાં પ્રિયંકા ગાંધી પરિવાર સહિત હાજર રહ્યા

અમેઠીમાં રાહુલ ગાંધીએ શક્તિપ્રદર્શન બાદ ઉમેદવારી નોંધાવી

સુપ્રિમ કોર્ટમાં રાફેલના ચુકાદા પર બોલ્યા રાહુલ: સુપ્રિમે પણ માન્યુ ચોકીદારે ચોરી કરી છે



ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બુધવારે અમેઠી લોકસભા બેઠક પરથી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. અમેઠીમાં સોનિયા ગાંધીને બાદ કરતા ગાંધી પરિવારના તમામ સભ્યો ત્રણ કિલોમીટર લાંબા રોડ શોમાં હાજર રહ્યા હતા. રાહુલ ગાંધીએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું ત્યારે માતા સોનિયા ગાંધી હાજર રહ્યા હતા. રોડ શોમાં રાહુલ ગાંધી સાથે બહેન અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી, બનેવી રોબર્ટ વાડ્રા, ભાણેજો રિહાન અને મિયારા (પ્રિયંકા-રોબર્ટ વાડ્રાના સંતાનો) પણ હાજર હતા. રાહુલ ગાંધીના ત્રણ કિલોમીટર લાંબા રોડ શોમાં કોંગ્રેસ કાર્યકર્તાઓએ તેમના પર પુષ્પ અને ફૂલોની માળા પહેરાવીને જોરદાર સ્વાગત કર્યું હતું.

ભારતમાં ભાજપ ફરી સત્તા પર આવશે તો શાંતિ વાર્તા માટે સારી અપેક્ષા: ઈમરાન ખાન

કોંગ્રેસની આગેવાની વાળી સરકાર કાશ્મીર મુદ્દાનો ઉકેલ લાવવામાં પીછે હટ કરી શકે છે

ઈસ્લામાબાદ

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ ભાજપ સરકાર આવે તો અમે ભારત સાથે વધુ સારી રીતે શાંતિ મંત્રણા કરી શકીશું તેમ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને આશા વ્યક્ત કરી હતી. જોકે તેમણે એમ પણ જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવે છે તો તે રાઈટ વિંગ પાર્ટી ભાજપથી ડરીને કાશ્મીર મુદ્દાનો ઉકેલ લાવવામાં પીછેહટ કરી શકે છે.

જોકે પાકિસ્તાની વડાપ્રધાને આડકતરી રીતે એવો સંકેત આપ્યો હતો કે કોંગ્રેસની સરકાર આવે તો તેઓ મંત્રણા ઇચ્છતા હોય તો પણ ભાજપ તેમને આમ કરવા દેશે નહીં. આ સંજોગોમાં ભાજપની સરકાર આવે તો જ શાંતિ મંત્રણા થઈ શકે તેમ છે. વિદેશી પત્રકારો સાથે વાત કરતા ઈમરાન ખાને જણાવ્યું હતું કે જો ભાજપ સત્તામાં આવે તો કાશ્મીર મુદ્દાનો કોઈ ઉકેલ આવી શકે છે. મોદીના શાસનમાં માત્ર કાશ્મીરના જ નહીં સમગ્ર ભારતના મુસ્લિમો એકલતા અનુભવી રહ્યા છે. મેં ક્યારેય વિચાર્યું નહતું કે ભારતમાં માત્ર મુસ્લિમ હોવાને કારણે તેમના પર હુમલા થઈ રહ્યા છે. ઈઝરાયલના વડાપ્રધાન બેંજામિન નેતન્યાહૂના નિવેદનનો ઉલ્લેખ કરતા ખાને જણાવ્યું હતું કે, તેમણે એ વખતે કહ્યું હતું કે વડાપ્રધાન મોદી ભય અને રાષ્ટ્રવાદની ભાવનાના આધારે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

હાઈવોલ્ટેજ ડ્રામા બાદ અલ્પેશ ઠાકોરનું કોંગ્રેસમાંથી રાજીનામું

ગાંધીનગર

ગુજરાતની રાજનીતિમાં સૌથી મોટી નવા જૂનીના એંધાણ વચ્ચે કોંગ્રેસથી નારાજ ચાલી રહેલા ઠાકોર સેનાના આગેવાન અને બનાસકાંઠાથી ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે રાજીનામું આપી દીધુ છે. દિવસભરની ચર્ચા બાદ આખરે અલ્પેશ ઠાકોરે પ્રેસ કોન્ફરન્સ કરી કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપી દીધુ છે. અલ્પેશે કોંગ્રેસના તમામ પદ પરથી એક પત્ર લખી તમામ પદ પરથી રાજીનામું આપી દીધુ છે. તમને જણાવી દઈએ કે,



અલ્પેશે સોશિયલ મીડિયાનાં માધ્યમથી કોંગ્રસના તમામ પદ પરથી રાજીનામું આપી દીધુ છે.

ગુજરાતમાં પણ લોકસભાની ચૂંટણીનો માહોલ તેના ચરમ પર છે. ત્યારે કૉંગ્રેસ માટે વધુ એક ફટકો પડ્યો છે. ઠાકોર સેનાની કૉર કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ કૉંગ્રેસ નેતા અલ્પેશ ઠાકોર રાજીનામુ આપે તેવા સમાચારે ખળભળાટ હતો જે સાંજ થતા સત્ય સાબિત થયુ છે. બીજી બાજુ કોંગ્રેસમાંથી અલ્પેશ ઠાકોર સહિત ધવલસિંહ પણ ધારાસભ્યે પદ છોડે તેવી વાતોના કારણે રાજનીતિ ગરમાઈ છે.

અલ્પેશ ઠાકોરે કોંગ્રેસ પાર્ટીના તમામ પદેથી રાજીનામું આપ્યું છે. રાજીનામું આપતા અલ્પેશે કહ્યું કે. યુવાનોના અપમાનથી ખૂબજ દુઃખ અને આક્રોશ છે.

નશાબંધી ના અમલીકરણ માં આરોગ્ય પરમીટ ધારકો સરકારને વાંકે બુટલેગર ને ચરણે!?

સરકાર આરોગ્ય ના હેતુસર જે લિકર પરમીટ આપતી હતી તેનો ચાર્જ વધાર્યો સાથે સાથે ટેક્સ માં વધારો કરી કામની વધારવાનો કરશો કર્યો છતાં હાજી કોઈ સ્પષ્ટ નીતિ નથી ભરૂચ સહિત ના પરમીટ ધારકો ના પરમીટ છેલ્લા એક વર્ષ ઉપરાંત થઈ રીન્યુ ન કરી સરકારે સાચી આરોગ્ય ની જરૂરિયાત વળી વ્યક્તિ ને પરમીટ રીન્યુ ન કરી અન્યાય તો કર્યો છે પણ આ જરૂરિયાત મંદો પોતાની જરૂરિયાત પૂરી કરવા બુટલેગર ના ચરણે ગયા હોય શકે અથવા પરપ્રાંતી વિદેશી દારૂ લાવી પોતાની અને અન્ય ની જરૂરિયાત સાગમટે પુરી કરવાના ચક્કર માં ખાનગી બુટલેગર બન્યા હોય તો નવાઈ નહી

એક તરફ સરકાર પોતાની આવક તો ગુમાવીજ રહી છે પણ બીજી તરફ જુના આરોગ્ય પરમીટ ધારકો ને કયાતો વધુ બીમાર બનાવી રહી છે અથવા ચોરી છુપી અન્ય રાજ્યો માંથી પોતે અથવા અન્ય દ્વારા દારૂ મંગાવી જરૂરિયાત પૂરી કરી રહી હોય તો નવાઈ નહી તો બીજી તરફ અન્ય રાજ્ય માંથી આવતા કર્મચારીઓ કે વિઝીટરોને ઓન લાઈન પરમીટ આપી ગુજરાતના માનસિક અને બીમારીઓ જે લિકર લેવા આરોગ્ય પરમીટ ધરાવતા હતા તેમના પર માનસિક અને આર્થિક ત્રાસ વધારી રહી હોય તેવો સુર સામી ચૂંટણીએ ઉભો થયો છે ત્યારે હવે સરકારે એમ નક્કી કરવી પડે કે જેમના પરમીટ અગાઉ રીન્યુ થયા હોય કે જેઓ ગત માર્ચ પહેલા લિકર પરમીટ ધરાવતા હોય તેઓ એ કોઈ મેડિકલ કરવાની ફરી જરૂર ન રાખી નિર્ધારિત રકમ નું ચલણ ભરી તાત્કાલિક પરમીટ મેળવી શકે તોજ પારદર્શક નિર્ણય કહેવાય અન્યથા આ પરમીટ ધારકો એ અન્ય ને વોટ આપવાનું મન બનાવ્યું હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.ત્યારે નવા આરોગ્ય માટે ના નવા પરમીટ માટે ભલે આકરું વલણ રખાય પણ જેમના પરમીટ છે તેમના રીન્યુ કરવા એ નાગરિક તરીકે નો દર્દીઓ નો હક પણ ગણાવાઈ રહ્યો છે જે સરકાર છીનવી રહી હોય તેમ ચર્ચાય છે હવે જોવાનું એ રહે છે કે સરકરા બાબતે ચૂંટણી પહેલા કોઈ નિર્ણય લે છે કે આરોગ્ય પરમીટ ધારકો ચૂંટણી માં પોતાના વોટ નો ઉપયોગ કરી સરકાર વિરુદ્ધ વોટ કરે છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને
ક્યાં છે તે જાણવા
GPS ટ્રેકિંગ
સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? હરો એક ફોન અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

સેલ્સ ઓફિસર જોઇએ છે
MARKET 4U™



MARKET 4U કંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

ભુજ એલસીબીએ વધુ એક તડીપારને મુંદરાના વવાર ગામમાંથી પકડી પાડયો



એ સ . ડી . એ મ . મુંદરાનાઓના હુકમથી આરોપી વેલા કાના કોલી, ઉ.વ.૩૦, રહે.છસરા તા.મુંદરા વાળાને મુંદરા તાલુકાના વવાર ગામના પાટીયા સામે આવેલ સ્વાગત હોટલ પાસેથી પકડી પાડતી ભુજ એલ.સી.બી., એસ.ડી.એમ. મુંદરાના હુકમ ૧૫/૧૮ તા.૨૭/૦૨/૨૦૧૯ થી કચ્છ, મોરબી, પાટણ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા તેમજ રાજકોટ જિલ્લામાંથી ચાર માસ માટે તડીપાર કરેલ હોય જે હુકમની આરોપીને બજવણી કરવામાં આવેલ હતી.

પોલીસ અધિક્ષક સૌરભ તોસંબિયાની સુચના હેઠળ એલ.સી.બી. પશ્ચિમ કચ્છ-ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એમ. બી.ઔસુરાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના માણસો આજરોજ મુંદરા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે ઉપરોક્ત આરોપી એસ.ડી.એમ. મુંદરાના ઉપરોક્ત તડીપાર હુકમનો ભંગ કરી કચ્છ જિલ્લામાં પ્રવેશી કરી હાલે મુંદરા તાલુકાના વવાર ગામના પાટીયા સામે આવેલ સ્વાગત હોટલ હાજર હોય તેવી સચોટ અને ભરોસાપાત્ર બાતમી હકીકત આધારે તુરંત જ વર્ક આઉટ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ આવી ખરાઈ કરતા મજકુર ઈસમ હાજર મળી આવતા મજકુર ઈસમે એસ.ડી.એમ. મુંદરાના હુકમનો ભંગ કર્યા સબબનો જી.પી.એકટ કલમ-૧૪૨ મુજબનો મુંદરા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાવી આગળની તપાસ મુંદરા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

આમ, છેલ્લા બે દિવસમાં એલ.સી.બી. પશ્ચિમ કચ્છએ એસ. ડી.એમ. મુંદરાનાઓએ તડીપાર કરેલ બે ઈસમો હુકમનો ભંગ કરી પશ્ચિમ કચ્છ જીલ્લામાં આવેલ હોય તે બન્ને ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પકડી પાડેલ છે.



લોકસભા ચૂંટણી ૨૦૧૯ સંદર્ભે મતદાર જાગૃતિ અભિયાન અંગે તૈયાર કરાયેલી હાવરા એક્સપ્રેસ ટ્રેન આજે સુરત સ્ટેશન પર આવી હતી ત્યારબાદ સુરત કલેક્ટરે લીલીઝંડી દેખાડી ટ્રેનને આગળ પ્રસ્થાન કરાવ્યું હતું.

મતદાર જાગૃતિ અભિયાન અર્થે તૈયાર કરાયેલી હાવરા એક્સપ્રે સુરત આવી

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં મતદારો પોતાના પવિત્ર મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા આશયથી કેન્દ્રીય ચૂંટણી પંચના ઉપક્રમે મતદાર જાગૃતિના સંદેશ સાથે તૈયાર થયેલી હાવરા એક્ષપ્રેસ ટ્રેન સવારે ૦૯.૧૨ વાગ્યે સુરત રેલ્વે સ્ટેશન આવી પહોચી હતી જેનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી ડો. ધવલ પટેલે ભવ્ય સ્વાગત કરીને ફ્લેગ ઓફ આપી આગળ પ્રસ્થાન કરાવ્યું હતું. હાવરા એક્ષપ્રેસ મતદાન જાગૃતિ અંગેના વિવિધ સ્ટીકરો દ્વારા મતાધિકારને લગતા સ્લોગનો સાથે વિવિધ સ્ટેશનો પરથી પસાર થઈ મતદાન જાગૃતિનો સંદેશો ફેલાવી રહી છે.

આ પ્રસંગે ડો.ધવલ પટેલે જણાવ્યું હતું કે, લોકશાહીના મહાપર્વમાં દરેક મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને વધુમાં વધુ મતદાન કરે તે હેતુથી ચૂંટણીપંચ દ્વારા ભારતીય રેલવેના સહયોગથી મતદાર જાગૃતિના સંદેશા સાથે હાવરા એક્ષપ્રેસ ટ્રેન આવી છે. લોકશાહીના પર્વમાં સૌને જોડાવાનો અનુરોધ તેમણે કર્યો હતો.

આ વેળાએ કોલેજ, એ ન . એ સ . એ સ . ના વિદ્યાર્થીઓ, સુમન હાઈસ્કુલ, કાંસાનગર કુમાર ગુરૂકુલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયને પ્લે કાર્ડ, બેનરો દ્વારા મતદાર જાગૃતિનો સંદેશો ફેલાવ્યો હતો. મતદાર જાગૃતિ માટે ઈ . વી . એ મ . મશીન, વી.વી.પેટ દ્વારા મોકપોલ કાર્યક્રમ દ્વારા રેલ્વે સ્ટેશન પરના મુસાફરોને મતદાન અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ વેળાએ સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ સ . એ ચ . રાજયગુરૂ, સ્વીપ નોડલ ઓફિસર અને આસીસ્ટન્ટ મ્યુ. કમિ. જયેશ ગાંધી, દ. ગુ.યુ.નિ. એ ન . એ સ . એ સ . ના કો.ઓર્ડિનેટરશ્રી ભરત ઠાકોર, માહિતી ખાતાના અધિકારીશ્રી મહેન્દ્ર વેકરીયા, શાળાના આચાર્યશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં યુવા મતદારો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તા.૮મી એપ્રિલના રોજ હાવરા એક્ષપ્રેસ ટ્રેન પશ્ચિમ બંગાળથી નીકળી ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને ગુજરાત એમ છ રાજ્યોમાંથી પસાર થઈ સુરત આવી પહોચી હતી. સુરતથી પ્રસ્થાન કરી વડોદરા થઈ અમદાવાદ જશે. કુલ ૨૦૮૭ કિમીનું અંતર કાપી હાવરા એક્ષપ્રેસ ટ્રેન છ રાજ્યોમાંથી પસાર થઈ મતદાન જાગૃત્તિનો સંદેશો લઈ મતદારોને જાગૃત કરી રહી છે.

જૂનાગઢમાંથી ગુજરાતમાં લોકસભા ચૂંટણી પ્રચાર સભા ગજવતા વડા પ્રધાન મોદી

જૂનાગઢ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે છે લોકસભા ચુંટણીના ત્રીજા તબક્કાના ગુજરાતના મતદાન માટે આજે વડાપ્રધાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની બેઠક માટે પ્રચાર કરવામાં આવ્યા હતાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલી જાહેરસભા જુનાગઢમાં યોજાઈ હતી.

આ જાહેરસભામાં નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યો હતો. મોદીએ કોંગ્રેસના ભ્રષ્ટાચાર પર આરોપ મુકયા હતાં. મોદીએ જણાવ્યું હતું કે ગાંધી નહેરૂ પરિવારને ગુજરાતીઓથી નફરત છે. સરદારને સન્માન ન આપ્યું મોરારજી દેસાઈને ઠેકાણે પાડી દીધા અને સરદાર સાહેબ ન હોત તો જુનાગઢ અને સોમનાથનું શું થાત તેવો સવાલ તેમણે પુછયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ ગર્ભવતી મહિલાઓના પૈસા લુંટે છે મધ્યપ્રદેશમાંથી કોંગ્રેસના નેતાઓ પાસેથી બોરીઓ ભરાઈને પૈસા મળ્યા.બોરીની બોરી ભરીને કોંગ્રેસીઓ પાસેથી પૈસા મળી રહ્યાં છે. મધ્યપ્રદેશમાં સરકાર બન્યાને છ મહિના પણ થયા નથી. કોંગ્રેસે કર્ણાટકને પહેલા એટીએમ બનાવ્યું હતું હવે મધ્યપ્રદેશ પણ કોંગ્રેસ પણ એટીએમ છે. મધ્યપ્રદેશમાં પૈસા ઝડપાવવા તો ટ્રેલર છે.કદાચ રાજસ્થાન અને છત્તીસગઢનો હાલ પણ જુદો નથી કોંગ્રેસની વાર્તા એક પરિવારની દિકરા અને પિતાની છે.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે મોદી આતંકવાદી ઓને હટાવવા માંગે છે કોંગ્રેસ મોદીને હટાવવા માંગે છે, અમારો ટ્રેક રેકોર્ડ જોશો તો ખબર પડશે ભ્રષ્ટાચાર આતંકવાદ દુર કરવો અમારો મંત્ર છે આ અમારો ટ્રેક રેકોર્ડ છે કોંગ્રેસનો ટેપ રેકર્ડ સાંભળશો તો એક જ ગીત વાગે છે.મોદી હટાવો,મોદી હટાવો

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે હું કામકાજનો હિસાબ દેવા આગલા પાંચ વર્ષનો હિસાબ દેવા આવ્યો છું તમારા દિકરાએ આ ચોકીદારે સરકાર ચલાવી તે જોઈને તમને ગર્વ થાય છે કે,ભ્રષ્ટાચારનો એક પણ દાગ લાગ્યો નથી તમને ગર્વ થાય છે કે નહીં સબુતો સાથે કોંગ્રેસના નેતાઓ ખાતે નવું કૌભાંડ જોડાયુ છે તુગલખ રોડ ચુંટણી ગોટાળો છે.

મોદીએ કેમ છો બધા પુછીને ભાષણની શરૂઆત કરી તેમણે કહ્યું કે સોરઠ અને કાઠિયાવાડની ધરા જયાં ગીર અને ગરવો ગિરનાર કેસર કેરી અને કેસરી સિંહ સોમનાથની પાવન ભૂમિ જયાં હરિ અને હર સાથે ત્રિવેણી સંગમની ભૂમિ છે.દાન ધર્મ અને સંતોની તપસ્યાની ભૂમિ ગીરના અવાજોની વચ્ચે આજે મને આવવાનું સૌભાગ્ય મળ્યુ છે. મોદીએ કહ્યું હતું કે દેશમાં અગાઉ રિમોટ કંટ્રોલ સરકાર હતી પરંતુ અમે નક્કી કર્યું છે જયાં ખાતર પાણી મળે છે ત્યાં જ એમને પાડી દેવાનું છે બંદુક કેવી છે મિસાઈલ કેવી છે એ બધુ મોદી જોવા ન જાય સેનાને એટલું જ કહે તમને છુટ છે.

વડાપ્રધાન મોદી જયારે મંચ પર આવ્યા હતાં ત્યારે ફિક એક બાર મોદી સરકાર,મોદી મોદી મોદી ના નારાઓથી સભા સ્થળ ગુંજયું હતું મંચ પર મુખ્યમંત્રી વિજય રૂપાણી,કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા માણવાદર વિધાનસભા પેટાચુંટણીના ઉમેદવાર જવાહર ચાવડા,તથા પોરબંદર જુનાગઢ અને રાજકોટના ઉમેદવાર હતાં.આ પહેલા વડાપ્રધાન રાજકોટ વિમાની મથકે આવી પહોંચ્યા હતાં જયાં તેમનું સ્વાગત કરાયું હતું.

મુખ્યમંત્રી રૂપાણી આજે હળવદમાં



હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા ની પેટા ચૂંટણી ના પ્રચાર અર્થે એ સી. એમ. વિજયભાઈ રૂપાણી હળવદમાં સભા ગજાવસે ગાંધી બાગ ખાતે સભાને સંબોધન કરશેઃકાર્યક્રમ માટે તડામાર તૈયારીઃ કાર્યક્રમ નક્કી થતાં શહેર ભાજપના પદાધિકારીઓ માં દોડધામ...

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા પેટા ચૂંટણીના પ્રચાર અર્થે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધી બાગ ખાતે સભાને સંબોધન કરશે સુરેન્દ્રનગર જિલ્લાની હાઈ ટોપરગણાતીબેઠક હળવદ ધાંગધ્રા૬૪ વિધાનસભાની પેટા ચૂંટણીમાં પ્રતિષ્ઠા ભર્યો જંગ ખરાખરીનો મુકાબલો છે ત્યારે આ બેઠક પર ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધી બાગ ખાતે સભાને સંબોધન કરશે આ બાબતે હળવદ શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલના જણાવ્યા મુજબ ગુરૂવાર તારીખ ૧૧.૪.૨૦૧૯ ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે ગાંધી બાગ ખાતે સભા નુ આયોજન કરવામાં આવ્યું છે મુખ્યમંત્રી સહીત ભાજપના દિગ્ગજ નેતાઓ સભાને સંબોધન કરશે મુખ્યમંત્રી હળવદ આવી રહ્યા હોવાની વાત સ્પષ્ટ થતા પોલીસ તંત્ર દ્વારા પણ એમની સભામાં લોખંડી બંદોબસ્ત ગોઠવવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને શહેર ભાજપ પાસે પણ સભાને લઈ ને ઓછો સમય હોવાથી કાર્યક્રમ નક્કી થયા બાદ શહેરના ભાજપના હોદ્દેદારો માં દોડધામમચી ગઈ છે હળવદ ધાંગધ્રા વિધાનસભા પ્રતિષ્ઠાભરી બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમભાઈ સાબરીયા ની સામે પાટીદાર દિગ્ગજ નેતા દિનેશ પટેલ ચૂંટણી જંગ ખેલી રહયા છે, આ બંને વચ્ચે ખરાખરીનો ચૂંટણી ખેલ થઈ રહ્યો છે વિજયભાઈ રૂપાણી સભાને સંબોધન કરશે,ભાજપના અન્ય આગેવાનો ઉપસ્થિત રહેસે, કાર્યક્રમની આખરી ઓપ આપવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે, મોરબી જિલ્લા પોલીસ વડા કરણરાજ વાઘેલા મોરબી જિલ્લા કલેકટર ભરતભાઈ ડેલાવાળા, પ્રકાશભાઈ સોની, હળવદ શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ સહિતના ઉપસ્થિત રહ્યા.

ભાજપ લોકસભા ઉમેદવાર વિનોદ ચાવડાનો મોરબી-માળીયા તાલુકા લોક સંપર્ક પ્રવાસ



૨૦૧૯ માં ફરી વાર દેશના વિકાસને સમર્પિત ભાજપાની સરકાર બનશે – વિનોદ ચાવડા

માળીયા અને મોરબી તાલુકામાં ભાજપ લોકસભા ઉમેદવાર વિનોદ ચાવડા દ્વારા લોક સંપર્ક કરવામાં આવેલ હતો,ત્યારે વર્તમાન સાંસદ અને ૧૭ મી લોકસભા માટે ૧ – કચ્છના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ જણાવ્યુ હતું કે, કોંગ્રેસ રાહ પક્ષોને તોડવાનો છે. અમારો રસ્તો હદયોને જોડવાનો છે. એન.ડી.એ. કેન્દ્ર સરકારે દેશના વિકાસ અને જન કલ્યાણ માટે લગભગ ૧૨૯ જેટલી યોજનાઓ અમલમાં લાવેલ છે.જેનો લાભ નાનામાં નાના માનવીઓને મળે માટે ભાજપાના દરેક સાંસદો કાર્યરત છે.અમે દરેક ક્ષેત્રમાં કાર્ય સંસ્કૃતિમાં અભૂતપૂર્વ બદલાવ કરી 'નવી ઉર્જા – નવી ગતિ'નો રાહ પસંદ કરેલ છે.તેમ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યુ હતું.

ગુજરાત રાજય મંત્રી વાસણભાઈ આહિરે ઉદબોધનમાં કહ્યું હતું કે, આપણા જનજનના નાયક મોદીજી એક ભારત શ્રેષ્ઠ ભારતની વાત કરી ક્ષેત્રિય અસ્મિતાઓ અને આકાંક્ષાઓની પુર્તિ માટે પૂરતી જોગવાઈ કરી છે. સામાન્ય શ્રેણીના ગરીબ યુવાનોને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ૧૦% આરક્ષણ આપી નવા ભારતના આત્મવિશ્વાસને આગળ વધાર્યો છે.માટે આપણે મજબૂર નહીં પણ મજબુત સરકાર આપવા ભાજપાના કમળને ખીલવવાનો છે.

મોરબીના માજી ધારાસભ્ય કાન્તિભાઈ અમૃતિયાએ કાર્યકરતાઓ અને જનતા જનાર્દનને ૨૦૧૯ માં ફરીથી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ભારતીય જાણતા પાર્ટીની પૂર્ણ બહુમત વાળી સરકાર બને માટેનો સંકલ્પ લેવાનો આહ્વાન કરેલા.

મોરબી – માળીયા તાલુકાનાં માળીયા, સોનગઢ, સરવડ, ખાખરેચી, મોટા દહીસરા, પ્રવાસમાં વિનોદભાઈ ચાવડા સાથે નિલેષ સંઘાણી,ભૂપત સાણજા, અનિલ મોરડીયા,વિપુલ સુરાણી, અચુભાઈ ગઢવી,મનોજ સાણજા,શાંતિલાલ સુરાણી, માદેવ અમૃતિયા,શાંતિલાલ મોરડીયા,મનસુધ સંધાણી, રતિલાલ પાંચાસરા,સવજી સ ા ણ જા , ર મ ે શ મ ો ર ડ ી ય ા , ચ ં દ ુ લ ા લ સંધાણી,સાવજી સંધાણી, નરભેરામ કાચરોલા,નિલેષ પટેલ, વિપુલ પટેલ,પ્રદીપભાઈ પટેલ, મનોજ પટેલ,ભાવિક મારાજ, મનુભાઈ ક ૈ લ ા , ર મ ે શ ભ ા ઈ , જેન્તિભાઈ,જયરામ કેલા વિગેરે સાથે રહ્યા હતા.

સુમન વિદ્યાલય અને વી.કે. જૈન શાળાના વિદ્યાર્થીની મતદાન જાગૃતિ ઝૂંબેશ

મહાનગરપાલિકાની પ્રચાર વાન શહેરીજનોને આપી રહી છે મતદાનની જાગૃત્તિ સંદેશ

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં મતદારો પોતાના પવિત્ર મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા આશયથી સુરત મહાનગરપાલિકાની પ્રચારવાન દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરીને મતદારોએ શું કાળજી લેવી, મતદારોએ મતદાન મથકની માહિતી કેવી રીતે મેળવી શકાય, હેલ્પલાઈનનો ઉપયોગ કરીને મતદારયાદીમાં છે કે નહી તે અંગેની જાણકારી, મતદાન કરવાનો સમય જેવી વિગતો પોસ્ટર, પેમ્પ્લેટર દ્વારા આપીને વધુમાં વધુ મતદારો મતદાન કરે તેની જાણકારી આપવામાં આવી હતી.

લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત શહેર-જિલ્લામાં મતદાર પ્રત્યે લોકજાગૃતિ કેળવાય તેવા આશયથી પાંડેસરાના કૃષ્ણનગરમાં આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સુરત ઉડિયા માધ્યમની સુમન હાઈસ્કુલ નં.૧૫ના વિદ્યાર્થીઓએ રેલી કાઢી રેલી પૂર્ણ થયા બાદ શેરીનાટક ભજવી મતદાન જાગૃત્તિનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત શહેરની વી.કે. જૈન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, શિક્ષકોએ જનજાગૃતિ રેલી યોજીને લોકશાહીના પર્વમાં વધુમાં વધુ મતદાન કરવાનો સંદેશો લોકો સુધી પહોચાડયો હતો.

શાળાના બાળકોએ રેલીમાં 'મત આપવો આપણી પવિત્ર ફરજ છે, છોડ કે અપને સારે કામ પહેલે ચલો કરે મતદાન, સાચુ મતદાર લોકશાહીનો ધબકાર, જાગો મતદાર જાગો જેવા સૂત્રોચ્ચાર, પ્લે કાર્ડ સાથે ગામડાની શેરીઓને ગજવીને લોકશાહીના મહાપર્વ સૌ મતદારો જોડાઈને મતદાન કરીને લોકશાહીને ધબકતી રાખે તેવો સંદેશો લોકો સુધી પહોચાડયો હતો.

રાફેલ ડીલ પર મોદી સરકારને મોટો ઝટકોઃ સુપ્રિમ ફરી સુનાવણી માટે તૈયાર

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે રાફેલ કેસમાં રિવ્યૂ પિટિશન પર નવા દસ્તાવેજોના આધારે પુનઃ સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે. ત્રણ જજોની બેન્ચે એકમત સાથે આ નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા નવા દસ્તાવેજોને આધારે રિવ્યૂ પિટિશન પર સુનાવણી કરાશે. સુપ્રીમ કોર્ટ હવે રિવ્યૂ પિટિશન પર સુનાવણી માટેની તારીખ નક્કી કરશે.

રાફેલ કેસમાં સુપ્રીમ કોર્ટે એ નક્કી કરવાનું હતું કે રક્ષા મંત્રાલયના જે દસ્તાવેજો લીક થયા છે, તેના આધારે રિવ્યૂ પિટિશન પર સુનાવણી કરવામાં આવે કે નહીં. સરકારે જણાવ્યું હતું કે રિવ્યૂ પિટિશનર કરનારે દસ્તાવેજો ગેરકાયદે રીતે મેળવ્યા હતા. જો કે કેન્દ્રે રજૂ કરેલા વાંધાને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધા હતા. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ એસ કે કૌલ અને કે એમ જોસેફ હવે આ કેસમાં સુનાવણીની તારીખ જાહેર કરશે. સુપ્રીમ કોર્ટના ૧૪ ડિસેમ્બરના પોતાના રાફેલ સોદા અંગેના ચુકાદા સામે કરાયેલી પિટિશનોની મેરિટને આધારે સુનાવણી કરશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં લીક થયેલા દસ્તાવેજોના આધારે રિવ્યૂ પિટિશન પર સુનાવણીનો વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે દસ્વેજો પર વિશેષાધિકાર હોવાથી તે ગુમ છે અને તેને લીધે રિવ્યૂ પિટિશન ફગાવી દેવી જોઈએ. જો કે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ કે. એમ. જોસેફે જણાવ્યું હતું કે માહિતી અધિકારનો કાયદો ૨૦૦૫માં આવ્યો હતો અને તે એક ક્રાંતિકારી પગલું હતું જેથી હવે પાછળ હટી શકાય નહીં.

વડાપ્રધાને ગુજરાતમાં બે જનસભાને સંબોધી કોંગ્રેસ સહિત વિપક્ષ પર પ્રહારો કર્યા

ગરીબી હટાવોની પહેલી શરત જ કોંગ્રેસ હટાવો છેઃ મોદી

કાશ્મીર મુદ્દો નહેરૂના કારણે ઉકેલાયો નથી, પાકિસ્તાનને સીધું કરવાનું કામ કરનારનું એક જ નામ છે મોદી દેશના સપૂતો પર ભરોસો છે કે સબૂતો પર ભરોસો છે

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ગુજરાતના પ્રવાસે છે. આજે ૧૦ વાગે તેઓ રાજકોટ એરપોર્ટ પહોંચીને તેઓ હેલીકોપ્ટર મારફતે જૂનાગઢ પહોંચીને વિશાળ જનમેદનીને સંબોધી હતી, ત્યારબાદ તેઓ બારડોલી લોકસભાના સોનગઢ ખાતે ભાજપની ચૂંટણી સભાને સંબોધી હતી.

પીએમ મોદીએ જૂનાગઢની જેમ સોનગઢમાં પણ મઝાક કરીને પોતાના ભાષણની વાત કરી હતી. તેમને સરદાર પટેલને યાદ કરીને કહ્યું હતું કે, જો કોંગ્રેસે સરદાર સાહેબ સાથે અન્યાય ના કર્યો હોત તો આજે હિન્દુસ્તાનની છબી અલગ હોત. તેમને કહ્યું કે, દેશના ટુકડે ટુકડે કરવાની વાત કરનારાને તમે દેશદ્રોહી કહો કે ન કહો, આમ કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં કહ્યું છે કે અમે રાષ્ટ્ર દ્રોહનો કાયદો કાઢી નાંખીશું. જો આજે સરદાર સાહેબ જીવતા હોત તો કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને કદી સ્વીકાર ના કરત. તેમણે કહ્યું કે હવે તો દેશના ગરીબોને પણ સમજાઈ ગયું છે કે ગરીબી નહીં કોંગ્રેસ હટાવવાની જરૂર છે. ગરીબી હટાવોની પહેલી શરત જ એ છે કે કોંગ્રેસ હટાવો. નહેરૂના કારણે કાશ્મીરનો મુદ્દો ઉકેલાયો નથી. પીએમ મોદીએ કહ્યું, કોંગ્રેસ પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો કાશ્મીરમાંથી સુરક્ષાબળોને હટાવવાની વાત કરે છે, કોંગ્રેસ પાકિસ્તાનને જે જોઈએ તે પુરૂ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમને અહીં વારંવાર લોકોને પોતાની હામાં હા પુરાવવા માટે ભાષણને દોહરાવતા હતા. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસ જવાનો પર ભરોસો અને વિશ્વાસ મૂકવાના બદલે સબૂતો પર વિશ્વાસ રાખે છે. તેમને કહ્યું કે, આજે નહેરૂના કારણે કાશ્મીરનો મુદ્દો ઉકેલાયો નથી. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો સરદાર સાહેબની નીતિ વિરુદ્ધ છે. તેમને કહ્યું કે, આજે દેશમાં ટૂકડા કરનારી ગેંગ ઉભી થઈ છે. તેમને મઝાકિયા સ્વભાવમાં કહ્યું કે, જેમ સરદારથી કોંગ્રેસને વાંધો હતો, તેમ કોંગ્રેસને મારી સામે પણ વાંધો પડ્યો છે. તેઓ આજે પણ મને પતાવવાના સપના જોઈ રહ્યા છે. મોદીએ કહ્યું કે, નોટબંધીથી કોંગ્રેસને અકડામણ થાય છે. તેમને ખેડૂતોને લઈને જણાવ્યું કે, પહેલા યૂરિયા ખાતરની ચોરી થતી હતી, પરંતુ અમારી સરકારમાં યૂરિયા ખાતર સરળતાથી અને સસ્તુ મળી રહે તેવા પ્રયાસ થયા.

રાફેલને લઈ સુપ્રિમ કોર્ટના કેજરીવાલે વખાણ કર્યા

જો મોદીજી ચૂંટણી જીતશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશેઃ અરવિંદ કેજરીવાલ



ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ફરી એકવાર પાકિસ્તાનને લઈને ૅ નરેન્દ્ર મોદી પર હુમલો કર્યો છે. કેજરીવાલે પાકિસ્તાની પીએમ ઈમરાન ખાનના શાંતિ વાર્તાના પ્રસ્તાવ અંગે સવાલો ઉઠાવતા ટ્વિટ કર્યું છે. કેજરીવાલે સવાલ કર્યો છે કે, પાકિસ્તાન મોદીને શા માટે જીતાડવા માગે છે? મોદીજી દેશને જણાવે કે, પાકિસ્તાનની સાથે તેમના કેટલા ગાઢ સંબંધો છે? તમામ ભારતવાસી જાણી લે કે, જો મોદીજી જીતી જશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશે.

એટલું જ નહીં, પરંતુ કેજરીવાલે રાફેલને લઈને પણ ટ્વિટ કર્યું છે અને સુપ્રીમ કોર્ટના આદેશના વખાણ કર્યા છે. ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલ લોકસભા ચૂંટણી, ૨૦૧૯માં કોંગ્રેસની સાથે ગઠબંધન કરવા માગે છે. તેને લઈને તે ઘણીવાર કોંગ્રેસની પાસે પ્રસ્તાવ પણ મોકલી ચુક્યા છે, પરંતુ કોંગ્રેસ તરફથી હજુ સુધી ગઠબંધન અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

ડીએચએલ એક્સપ્રેસે ઈકોમર્સ મારફતે 'યલો યાત્રા' લોન્ચ કરી

મલ્ટી સિટી પ્રોગ્રામની પ્રથમ ઈવેન્ટ સુરતમાં સફળતાપૂર્વક પૂર્ણ

સુરત

વિશ્વની અગ્રણી આંતરરાષ્ટ્રીય એક્સપ્રેસ સર્વિસ પ્રદાતા ડીએચએલ એક્સપ્રેસે તેની ઈવેન્ટની મલ્ટી સિટી સિરીઝ 'યલો યાત્રા' લોન્ચ કરવાની જાહેરાત કરી હતી, જે ભારતના વિવિધ શહેરોના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો (એમએસએમઈ)ના ઉદ્યોગ સાહસિકોને આંતરરાષ્ટ્રીય ઈ-કોમર્સમાં કેવી રીતે સફળતા પ્રાપ્ત કરવી તેની પર કેન્દ્રિત છે.

ઈવેન્ટ ખાતે ઉદ્યોગસાહસિકોને ઉદ્યોગ નિષ્ણાતોને સાંભળવાની તક મળી હતી, ઈ-કોમર્સ ખેલાડીઓ સાથે શ્રેષ્ઠ આચરણો શેર કરવાની અને અત્યંત અગત્યનું તેવું અગત્યનું બિઝનેસ નેટવર્ક ઊભુ કરવાની તક મળી હતી.

સિરીઝના લોન્ચ અંગે ટિપ્પણી કરતા ડીએચએલ એક્સપ્રેસ ઈન્ડિયાના કંટ્રી મેનેજર આર.એસ. સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે, ''એમએસએમઈ ભારતીય જીડીપીમાં ૮ ટકાથી વધુનુ યોગદાન આપતા હોવાથી ભારતીય અર્થતંત્ર માટે અગત્યના છે અને તેઓ ભારતમાં કુલ કારોબારમાં ૭૦ ટકાથી વધુનો હિસ્સો ધરાવે છે. 'યલો યાત્રા'ની શરૂઆત સરહદ પારના – કોમર્સ વેપારમાં ભાગીદારી મારફતે ભારતીય એસએમઈની વૃદ્ધિને પ્રોત્સાહન આપવાની અમારી આગળ ધપી રહેલી પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. અમારું વિસ્તરિત સ્થાનિક, પ્રાદેશિક અને વૈશ્વિક નેટવર્ક એવી એસએમઈ માટે સહાયકર્તા છે જે તેમના શહેરની બહાર સાહસ કરવા ઈચ્છે છે.''

ભારતનો ઈ-કોમર્સ ઉદ્યોગ ૨૦૨૦ સુધીમાં આશરે ૧૦૦ અબજ ડોલરના ટર્નઓવરને સ્પર્શે તેવી શક્યતા છે. યલો યાત્રા પ્રોગ્રામનો હેતુ એકમાત્ર પ્લેટફોર્મ બની રહેવાનો છે જે બહોળી ઈકોસિસ્ટમ સાથે ઉદ્યોગસાહસિકોને જોડે છે, તેમજ તે કર સલાહકારો, ડિજિટલ માર્કેટર્સ અને ઓનલાઈન માર્કેટ પ્લેસનું ઊંડુ જ્ઞાન ધરાવતા નિષ્ણાતો, વેબ ડેવલપમેન્ટ પ્લેટફોર્મ અને પેમેન્ટ ગેટવેથી બનેલી છે.

ખાટીવાલા સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા મતદાર જાગૃતિ ઝુંબેશ

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણીમાં મતદારો પોતાના પવિત્ર મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા આશયથી સુરત શહેરમાં સુરતી મોઢ વણિક સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત પી.આર.ખાટીવાલા વિદ્યાસંકુલના વિદ્યાર્થીઓએ રેલી કાઢી મતદાન જાગૃત્તિનો સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીનીઓ, શિક્ષકોએ જનજાગૃતિ રેલી યોજીને લોકશાહીના પર્વમાં વધુમાં વધુ મતદાન કરવાનો સંદેશો લોકો સુધી પહોચાડયો હતો.

શાળાના બાળકોએ રેલીમાં ' વોટ એ જ મારો સંદેશ, આપણો વોટ આપણી તાકાત, મતદાન માટેના પુરાવા અંગેની બેનરો સાથે શહેરમાં ફરીને લોકશાહીના મહાપર્વ સૌ મતદારો જોડાઈને મતદાન કરીને લોકશાહીને ધબકતી રાખે તેવો સંદેશો લોકો સુધી પહોચાડયો હતો.



ઈન્ટરસિટી ટ્રેનના મહિલા આરક્ષણ કોચમાં કેટલાક દિવસથી સત્તાધીશો દ્વારા ઘટાડો કરતા પાસ હોલ્ડર મહિલાઓએ અચાનક નવસારી રેલવે સ્ટેશન પર ઈન્ટરસિટી ટ્રેન રોકી આંદોલન શરૂ કરતા અડધો કલાક સુધી ટ્રેન માર્ગ ખોરંભે પડ્યો હતો.

ઈન્ટરસીટી ટ્રેનના મહિલા કોચ ઘટાડી દેવાતા નવસારી સ્ટેશન પર રેલવે રોકો આંદોલન

સુરત

નવસારી રેલવે સ્ટેશન પર મહિલાઓએ ઈન્ટરસિટી ટ્રેન અટકાવી દેતા રેલવે અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. ટ્રેન બદલતા મહિલા ડબ્બા ઘટાડવામાં આવ્યા હતા. જેને પગલે ૧૦ દિવસથી મહિલા ડબ્બાઓ વધારવા માંગ કરવામાં આવી રહી હતી. જોકે, મહિલા ડબ્બાઓ વધારવામાં ન આવતા મહિલાઓ રોષે ભરાઈ હતી. અને આજે નવસારી રેલવે સ્ટેશન પર ઈન્ટસિટી ટ્રેન અટકાવી દીધી હતી. અને વિરોધ નોંધાવ્યો હતો. મહિલાઓએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી ૩ મહિલા ડબ્બા આપવામાં નહી આવે ત્યાં સુધી ટ્રેન અટકાવવામાં આવશે.

નવસારીમાં ઈન્ટરસિટી ટ્રેનને મહિલાઓએ કોચ વધારવાના મુદ્દે આજે હોબાળો મચાવી ટ્રેક પર દોડી આવતા તંત્ર દોડતું થઈ ગયું હતું. લગભગ ૩૦ મિનિટ સુધી મહિલાઓએ ઈન્ટરસિટી ટ્રેનને રોકી રાખી હતી. પાસ હોલ્ડર મહિલાઓના આંદોલનને લઈ ટ્રેનના મુસાફરો અટવાયા હતા. ટ્રેક પર દોડી આવેલી મહિલાઓને લઈ તાત્કાલિક મોટી સંખ્યામાં મહિલા પોલીસનો કાફલો તૈનાત કરી દેવાયો હતો. પાસ હોલ્ડર મહિલાઓએ ડબ્બાઓ આગળ તરફ મુકવામાં આવે એવી માંગણીઓ સાથે તંત્રનો વિરોધ કર્યો હતો.

મહિલાઓના વિરોધના પગલે વલસાડ ઈન્ટરસિટી, સુરત મેમુ, ભરૂચ મેમુ, શતાબ્દી, ગુજરાત એક્સપ્રેસ, વાપી સુરત શટલ, સુરત ઈન્ટરસિટી સહિતની ટ્રેનો થંભી ગઈ હતી. જેથી અપડાઉન કરતા લોકોએ નવસારી પાસે ટ્રેન અટકાવી દેતા હજારો યાત્રીઓ અટવાઈ ગયા હતા.

કેમિકલની ચોરી કરનાર ટેન્કર ચાલક સામે પોલીસ ફરિયાદ

સુરત

કોસંબા પીપોદરા વિશ્વકર્મા નગર પ્લોટ ખાતે આવેલી કિષ્ણા એગ્રો કોલ્ડ સ્ટોરેજમાંથી ટેન્કરમાં ભરેલુ હાઈડ્રોજન પેટ્રોક્સાઈડ સોનગઢ સુધી પહોંચાડવાનું હતું. પરંતુ આરોપીઓએ રસ્તામાં પોતાના આર્થિક ફાયદા માટે કેમિકલનો જથ્થો કાઢી લઈ વિશ્વાસઘાત કર્યો હોવાનો બનાવ કોસંબા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ અમરેલીના વતની અને હાલમાં વરાછા એ.કે. રોડ ખાતે રહેતા પ્રકાશભાઈ કાળુભાઈ પટેલ, કિશન બહાદુર કુવર, દિનેશ સોનકર, કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક તથા ભાવેશ કાથરોટીયા વગેરેઓ કીમ પીપોદરા કિષ્ણા એગ્રો કોલ્ડ સ્ટોરેજના કંપાઉન્ડમાંથી સોનગઢ જે.કે. પેપર લિમિટેડમાં હાઈડ્રોજન પેટ્રોક્સાઈડ નામનું કેમિકલ ટેન્કરમાં ભરીને પહોંચાડવાનું હતું. પરંતુ આરોપીઓએ રસ્તામાં થોડોક કેમિકલનો જથ્થો કાઢી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. કોસંબા પોલીસે આઈપીસી ૪૦૭, ૪૧૧, ૪૧૪ તથા ૧૨૦બી મુજબનો ગુનો નોંધી ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. જ્યારે ભાવેશ કાથરોટીયાને વોન્ટેડ બતાવવામાં આવ્યો હતો.

ક્રિકેટના સટ્ટાના રૂપિયાની ઉઘરાણી અંગે બુકીઓ દ્વારા એકનું અપહરણ

રૂા.પાંચ લાખની ઉઘરાણી કરનાર ત્રણ બુકીઓની ધરપકડ

સુરત

આઈપીએલ મેચ ઉપર સટ્ટો રમાડતા બુકીઓએ પૈસાની લેતી દેતીમાં એક બુકીનું અપહરણ કરી જઈ રૂપિયા પાંચ લાખની માંગણી કર્યાની ફરિયાદ ખટોદરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. પોલીસે ત્રણ બુકીની ધરપકડ કરી હતી.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અલથાણ પુરૂષોત્તમનગરમાં રહેતો બુકી અનિલ ચંદ્રકાંત ઠાકુરે આપેલી ફરિયાદ મુજબ ગત તા.૯-૪-૨૦૧૯ના રોજ સાંજે ૬.૧૫ કલાકે આરોપી મોન્ટુ માલિયા સહિત ત્રણ જણાએ ફરિયાદી અનિલ ઠાકુરને ફોર વ્હીલ ગાડીમાં બેસાડી જુદા જુદા વિસ્તારોમાં ફેરવી રૂપિયા પાંચ લાખની માંગણી કરી હતી. તેમજ આઈપીએલમાં સટ્ટો લગાડવાની વેબસાઈટ બંધ કરી દીધી છે, તે ચાલુ કરી દે નહીંતર તને જવા દઈશું નહીં, તેવી ધમકી આપી ગુનો કર્યો હતો. ખટોદરા પોલીસે ફરિયાદ બાદ તપાસ હાથ ધરી આરોપી મોન્ટુ માલીયા ચંદન સત્યવત્તી સીંબુ પટેલની ધરપકડ કરી હતી.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં એક ડીગ્રીનો વધારો : સુરત શહેરમાં ૩૬ ડીગ્રી

સુરત

રાજ્યના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ રાજ્યમાં આગામી બે ત્રણ દિવસ દરમ્યાન હિટવેવ (અસહ્ય ગરમી)ની અસર રહેશે. આજે દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ગતરોજની સરખામણીએ નજીવો વધારો થતા બપોરના સમયે ગરમીનો પારો વધી રહ્યો છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૬.૪ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનુંપ્રમાણ ૮૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૨ મિલીબાર નોંધાયું છે. શહેરમાં દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના ૬ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે એક ડીગ્રી વધારો નોંધાયો છે. નવસારીમાં અધિકતમ તાપમાન ૩૫.૫ ડીગ્રી અને વલસાડમાં અધિકતમ તાપમાન ૩૪.૪ ડીગ્રી નોંધાયું છે. રાજ્યના હવામાન વિભાગે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં હિટવેવની આગાહી કરી છે. આગામી બે ત્રણ દિવસ દરમ્યાન ગરમીનો પારો ૩ થી ૪ ડીગ્રી વધે તેવી શક્યતા છે.

યુપીએસસી તથા જીપીએસસી સંદર્ભે માર્ગદર્શન અપાશે

સુરત

ચેમ્બરમાં 'કેરીયર ગાઈડન્સ મહોત્સવ'ના નવમા દિવસેવિદ્યાર્થીઓને 'યુપીએસસી અને જીપીએસસી' તથા 'એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ'માં રહેલી કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન અપાશે

સુરત. ધોરણ ૧૦ અને ૧૨ બાદ કયા ૌત્રમાં કારકિર્દી ઘડવી તે અંગેની વિદ્યાર્થીઓની મુંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નાનપુરા સમૃદ્ધિ ખાતે 'કેરીયર ગાઈડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપેનવમા દિવસે બુધવારે, તા. ૧૦ એપ્રિલ ૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે 'યુપીએસસી અને જીપીએસસી' થકી કારકીર્દી ઘડતર વિશે વરાછા કો-ઓપરેટીવ બેંક લિમિટેડના ચેરમેન શ્રી કાનજીભાઈ ભાલાળા તથા 'એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ'માં રહેલી કારકિર્દી ઘડતરની તકો વિશે ચેમ્બરના માજી પ્રમુખ શ્રી રોહિત મહેતા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ આ સેમિનારનો વિનામૂલ્યે લાભ લઈ શકશે. જો કે, સેમિનારમાં હાજરી આપવા માટે rebrand.ly/april19 લીન્ક ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

ઉનાળાની અસહ્ય ગરમીથી બચવા સાવચેતીના સૂચવતુ આરોગ્ય તંત્ર

ઉબકા-ઉલટી આવે તો તાત્કાલિક સારવાર મેળવવી

નવસારી

નવસારી આરોગ્ય વિભાગે હાલમાં પડી રહેલી ગરમીના કારણે શહેરીજનો અને ગ્રામજનોને લુ (સનસ્ટ્રોક) ની અસર થવાની સંભાવના વ્યકત કરી છે. જેનાથી બચવા લોકોને સાવચેતીના પગલાંઓ લેવા જાહેર જનતાને આરોગ્ય વિભાગ ધ્વારા અપીલ કરી છે. લુના કારણે શરીર અને પગમાં દુખાવો થવા, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચકકર આવવા, માથુ દુ:ખવુ, શ્વાસ ચડવો, ઉબકા-ઉલ્ટી આવવી વગેરેના લક્ષણ જણાય તો તાત્કાલિક સારવાર મેળવી લેવા જણાવાયું છે. સનસ્ટ્રોક (લુ) થી બચવા લોકોએ આખુ શરીર ઢંકાય તેવા ખુલતા સફેદ સુતરાઉ કપડા પહેરવા જોઈએ. માથા પર ટોપી અને હાથમાં મોજા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વુધ્ધો, તેમજ અશકત વ્યકિતઓએ તડકામાં બહાર નીકળવું ન જોઈએ. દિવસ દરમિયાન વધુ પ્રમાણમાં પાણી, લીંબુ સરબત પીવું જોઈએ. ભીના કપડાંથી માથુ ઢાંકી રાખવું અને અવારનવાર ભીના કપડાથી શરીર લુંછવું જોઈએ. ગરમીના મોસમમાં ભુખ્યા, તરસ્યા ન રહેવું, માથાનો દુ:ખાવો, બેચેની, ચકકર, ઉબકા કે તાવ આવે તો નજીકના દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી હોસ્પિટલમાં ડોકટરની સલાહ લઈ સારવાર મેળવી લેવા જણાવાયું છે.

તંત્રી સ્થાનેથી...

નિષ્પક્ષતાને લઈ પ્રશ્ન

લોકસભા માટે પ્રથમ તબક્કાના મતદાનના કલાકો પહેલા જ આવકવેરા વિભાગ દ્વારા પાડવામાં આવેલા દરોડાના કારણે જોરદાર ચર્ચા છે. મધ્યપ્રદેશમાં મુખ્યપ્રધાન કમલનાથના નજીકના લોકો અને અન્યો સામે પાડવામાં આવેલા દરોડાના કારણે ભારે ખળભળાટ મચી ગયો છે. ચૂંટણી માહોલમાં આવકવેરા વિભાગના દરોડાની કાર્યવાહી દરમિયાન ૨૮૧ કરોડ રૂપિયાની જંગી રકમ જમ કરવામાં આવી ચુકી છે. બિનહિસાબી જંગી લેવડદેવદનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. ચર્ચા એટલા માટે પણ છે કે આ દરોડાની કાર્યવાહી મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન કમલનાથના નજીકના લોકો પર પાડવામાં આવ્યા છે. દેશના લોકો સારી રીતે જાણે છે કે હાલમાં મધ્યપ્રદેશમાં કોંગ્રેસ સરકાર છે. આવકવેરા વિભાગનુ કામ બિનહિસાબી લેવડદેવડ પર નજર રાખવા અને દોષિતોને પકડી પાડવા માટેનુ છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી દેશના અલગ અલગ વિસ્તારોમાં જે રીતે દરોડા પાડવામાં આવ્યા છે તેમાં મોટા ભાગના ભાજપ વિરોધી નેતા છે. એ સપ્તાહ પહેલા તમિળનાડુમાં ડીએમકના કોષઅધ્યક્ષના આવાસ અને તેમની કચેરી પર દરોડા પાડવામાં આવ્યા હતા. વિપક્ષી દળોનો આરોપ છે કે સરકારના ઇશારે દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. ચૂંટણી પંચ દ્વારા પણ દરોડાની કાર્યવાહીમાં નિષ્પક્ષતાના આદેશ જારી કર્યા છે. સત્તારૂઢ પાર્ટીઓ પર સત્તાના દુરુપયોગના આરોપો તો પહેલા પણ લાગતા રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના લોકો વિપક્ષમાં હતા ત્યારે તેમના દ્વારા કોંગ્રેસ પર આરોપો મુકવામાં આવતા હતા અને હવે જ્યારે કોંગ્રેસ વિરોધ પક્ષમાં છે ત્યારે ભાજપ પર આરોપો મુકવામાં આવી રહ્યા છે. મધ્યપ્રદેશમાં આવકવેરા વિભાગની કાર્યવાહીના કારમે ભારે ખળભળાટ મચી ગયો છે. બિનહિસાબી લેવડદેવડનો ખુલાસો કરવામાં આવે તે પણ સારી બાબત છે. પરંતુ પ્રશ્ન એ થઈ રહ્યો છે કે તમામ દરોડાની કાર્યવાહી વિપક્ષી દળોની સાથે જોડાયેલા લોકો પર જ કેમ પડી રહ્યા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે ચૂંટણી માટે પૈસા ક્યાંથી આવે છે. તમામ લોકો આ બાબત પણ જાણે છે કે ચૂંટણી ડોનેશન મારફતે જેટલા નાણાં મળે છે તેના કરતા અનેક ગણા નાણાં બે નંબરથી મળે છે. સ્વાભાવિક છે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ ચૂંટણીમાં પૈસા ખર્ચ કરવામાં આવી રહ્યા છે. નંબરમાં પણ અને બં નંબરમાં પણ પૈસા ખર્ચ કરવામાં આવી રહ્યા છે. જો આવુ હોય તો ભાજપના નેતાઓની સામે કેમ કોઇ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. કેન્દ્ર સરકાર તો કાળા નાણાં પર પ્રહાર કરવાની વાત કરતી રહી છે. આવકવેરા અને ઇડી દ્વારા વધારે સક્રિય રીતે રહીને કાર્યવાહી કરવાની બાબત સારી છે. પરંતુ હાલમાં જે રીતે વિરોધ પક્ષના લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે જેથી શંકા ઉભી થાય તે સ્વાભાવિક છે. ચૂંટણી પંચ આ દિશામાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપીને કાર્યવાહી કરે તે જરૂરી છે. લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણી યોજવા સાથે સંબંધિત અને તેના સુધી મર્યાદિત નથી. નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાય તેની ખાતરી કરવા માટે પંચે તમામ પાસાઓનો ઉપયોગ કરવો જોઇએ.હાલમાં અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

મધ્યપ્રદેશમાં દરોડાની કાર્યવાહી કરાયા બાદ પ્રશ્ન : પંચની ભૂમિકા સામે સવાલો

સોફ્ટડ્રિન્કસ વધુ ખતરનાક

તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અને ચેતવણીરૂપ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સોફ્ટ ડ્રિક્સ બાળકોમાં હાર્ટના રોગ માટે કારણરૂપ બની શકે છે. નિયમિત રીતે સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં હાર્ટ એટેક અથવા તો હાર્ટ સાથે સંબંધિત અન્ય તકલીફો ઊભી થવાનો ખતરો વધી જાય છે. સંશોધકોએ વ્યાપક અભ્યાસમાં આ મુજબના તારણો આપ્યા છે. સંશોધકોમાં ભારતીય મૂળના એક વૈજ્ઞાનિકનો પણ સમાવેશ થાય છે. આ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે નિયમિત રીતે સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં સોફ્ટ ડ્રિક્સ નહીં પીનાર બાળકોની સરખામણીમાં કાર્ડિયા વેસ્ક્યુલરનો ખતરો વધારે રહે છે. આમા જણાવવામાં આવ્યું છે કે સુગરને જાળવી રહેતા સોફ્ટ ડ્રિક્સનો વધુ જથ્થો લેનાર બાળકોમાં ૧૨ વર્ષની વયમાં જ કાર્ડિયોવેસ્ક્યુલર રોગના લક્ષણો દેખાઈ આવે છે. અભ્યાસના તારણોને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. યુનિવર્સિટી ઓફ સિડનીમાં સેન્ટર ફોર વિઝન રિસર્ચમાં સંશોધકોએ ૨૦૦૦થી વધુ ૧૨ વર્ષથી ઉપરના વયના બાળકોને આવરી લઈને આ અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. આમા જાણવા મળ્યું કે વધુ પ્રમાણમાં અને નિયમિત રીતે સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં ખતરો વધારે રહે છે. અભ્યાસનું નેતૃત્વ કરનાર બામીની ગોપીનાથે કહ્યું છે કે સોફ્ટ ડ્રિક્સમાં કેટલાક એવા તત્વો હોય છે જે ખતરારૂપ બની શકે છે. કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ પણ આમા રહે છે. દિવસમાં એક અથવા વધુ ગ્લાસ સોફ્ટ ડ્રિક્સ પીનાર બાળકોમાં જોખમ વધી જાય છે. અલબત્ત આ અભ્યાસમાં હજુ આગળ વધવાની જરૂર છે. સિડની મોર્નિંગે ગોપીનાથને ટાકીને અહવેલા પ્રકાશિત કર્યા છે. અભ્યાસના તારણો માતા-પિતા અને બાળકોને ચેતવણી સમાન છે. કાર્બોહાઈડ્રેટ અને ખાંડનું પ્રમાણ ઘટાડી દેવા ચેતવણી આપવામાં આવી છે. આનાથી એકંદરે કોર્ડિયોવેસ્ક્યુલરનો રોગનો ખતરો ઘટી જાય છે.

ટેકનોલોજી આધારિત નોકરી કરતા લોકોને સાવધાન થવાની જરૂર...

ભવિષ્યમાં રોબોટ નોકરી આંચકી લેશે

બેરોજગારીની સમસ્યાથી આજે સમગ્ર વિશ્વના દેશો પરેશાન છે. બેરોજગારીને દુર કરવા માટે મથામણ તમામ દેશો કરી રહ્યા છે પરંતુ આ સમસ્યા વધારે જટિલ બની રહી છે. હાલમાં એવી બાબત ઉભરીને સપાટી પર આવી છે કે આધુનિક સમયમાં રોબોટ રોજગારી પર સીધી અસર કરી રહ્યા છે., આવી સ્થિતીમાં ભારત સહિત વિકાસશીલ દેશોના શ્રમિકોના રોજગારની સુરક્ષા માટે હવે એવા લોકોના સમર્થનની નીતિ બનાવવી પડશે જે ટેકનોલોજી વિકાસમાં પાછળ છે. માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે. આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૧૮માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે. જ્યારે ભારતમાં ૫૬ ટકા કંપનીઓને યોગ્ય અને ખાલી રહેલી જગ્યાઓ પર સારા અને કુશળ કર્મચારીઓ મળી રહ્યા નથી. એક બાજુ લાયક અને કુશળ કર્મચારીઓની માંગ રોકેટ ગતિથી વધી રહી છે ત્યારે બીજી બાજુ રોજગારની જરૂર માટે નવી ચિંતા દેશ વિદેશમાં સપાટી પર આવી રહી છે. દેશ વિદેશમાં રોજગારીની સમસ્યા વચ્ચે રોબોટ એટલે કે યંત્રીકૃત માનવીની માંગ વધી રહી છે. તેમની સંખ્યા સતત વધી રહી છે. દુનિયાભરમાં હાલના દિવસોમાં રોબોટની માગ વધી છે. હાલના દિવસોમાં લોકપ્રિય લેખક માર્ટિન ફોર્ડના પુસ્તક રોબોટ્સના ઉદય ટેકનોલોજી ઔર રોજગાર વિહીન ભવિષ્યના ખતરા નામથી રહેલા પુસ્તકમાં કેટલીક બાબતોને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ લોકપ્રિય પુસ્તકમાં માર્ટિન ફોર્ડે કહ્યુ છે કે ટેકનોલોજીના પ્રતિક સમાન રોબોટ આગળ જઈને



૨૧મી સદીમાં ટેકનોલોજીના યુગમાં રોબોટ સમસ્યા ઉભી કરવા લાગી ગયા છે : જાપાન, અમેરિકા, ચીનમાં લાખો રોબોટ સક્રિય થઈ ગયા છે

સામાન્ય પ્રકારના કેટલાક કામ માનવી પાસેથી આંચકી લેશે. ચોક્કસપણે થોડાક સમય પહેલા સુધી વાર્તામાં જ ફિલ્મોમાં જ રોબોટ અમે જોતા હતા અને સાંભળતા હતા. માત્ર કલ્પના કરવામાં આવતી હતી. હવે આ રોબોટ સાકાર રૂપ લઈ ચુક્યા છે. સ્થિતી એ છે કે રોબોટના કારણે ૨૧મી સદીમાં વૈશ્વિકરણ અને યાંત્રીકરણના દોરમાં રોબોટ સમસ્યા ઉભી કરી રહ્યા છે. દુનિયાના કેટલાક દેશોમાં રોબોટ સામાન્ય નીવન અને ઉદ્યોગ-કારોબારના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે બનતા નજરે પડી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો રોબોટ રેસ્ટોરન્ટમાં ભોજન બનાવવા, પિરસવા અને પ્લેટ ઉઠાવવા માટેના કામ કરી રહ્યા છે. વજન ઉઠાવીને ચાલી પણ રહ્યા છે. કેટલાક રોબોટ ઓટો ચલાવી રહ્યા છે. સૌથી વધારે રોબોટ જાપાનમાં કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સમય જાપાન સૌથી ટેકનોલોજી ધરાવતા દેશ તરીકે છે. જાપાનમાં આશરે ૩.૫૦ લાખ, અમેરિકામાં પોણા બે લાખ, ચીનમાં એક લાખથી વધારે રોબોટ છે. ભારતમાં પણ રોબોટની સંખ્યા ૧૬ હજારથી વધારે છે. રોબોટના ઉપયોગ સંબંધિત તમામ વૈશ્વિક અભ્યાસ દર્શાવે છે કે સમગ્ર દુનિયામાં રોજગાર હવે રોજગારી પર અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારતમાં પણ અસર થઈ રહી છે. ભારત સહિતના વિકાસશીલ દેશોને હવે કેટલીક નવી બાબત પર કામ કરવાની જરૂર છે. જે લોકો ટેકનોલોજીમાં પાછળ છે તે લોકોની રોજગારી જવાનુ સંકટ છે. જે લોકો કોમ્પ્યુટર શિક્ષિત નથી. તેમની રોજગારી જઇ શકે છે. આવી સ્થિતીમાં ટ્રેનિંગ, શિક્ષણ અને કુશળતા પ્રદાન કરાવીને રોજગારી જતી રહેવાના ખતરાને રોકી શકાય છે. આના પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. બેરોજગારીનો મુદ્દો ભારત સહિતના દેશોમાં પહેલાથી જ જટિલ બની ચુક્યો છે. માત્ર ભારતમાં જ નહી બલ્કે ફ્રાન્સ સહિતના યુરોપના દેશોમા પણ બેરોજગારી સામે લડવા માટે તમામ દેશ મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં રોબોટ જીવન રૂરી કામો કરવા લાગી ગયા છે. જે વધારે ચિંતાજનક બાબત છે. એકબાજુ બેરોજગારીને દુર કરવા માટે સંરક્ષણાત્મક પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે રોબોટ સમસ્યા સર્જી રહ્યા છે. હવે આવનાર સમયમાં રોબોટનો ઉપયોગ વધવામાં આવનાર છે. આવી સ્થિતીમાં યુવાનો ધીમે ધીમે જુદી જુદી કુશળતા વિકસિત કરે તે જરૂરી છે. કારણ કે રોબોટની સામે ટક્કર લેવા માટે આ બાબત ઉપયોગી રહેશે.

આકર્ષક, સ્લીમ અને ફિટ બોડી તમામને પસંદ પડે છે....

સ્લીમ અને સેક્સી કમર રાખવા ક્રેઝ

આધુનિક સમયમાં આકર્ષક, સ્લીમ અને ફિટ શરીર તમામને પસંદ પડે છે. આ પ્રકારની બોડી પોતાને જ નહી બલ્કે અન્ય જોનાર લોકોને પણ પસંદ પડે છે. પરંતુ જ્યારે પેટ નિકળી જાય છે ત્યારે અમારી પર્સનાલિટી પહેલા જેવી રહી જતી નથી. પેટ બહાર આવી ગયા બાદ શરીર ખરાબ થવા લાગી જાય છે. ફિટનેસ બગડવા લાગી જાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વજન ક્યારેપેય એકાએક વધતુ નથી. પરંતુ ધીમે ધીમે પૂર્ણ શરીરમાં વધે છે. જ્યારે પેટ થોડાકમાં પણ બહાર નિકળવા લાગે ત્યારે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જેથી ફિટનેસને જાળવી શકાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે સ્થુળતા પોતાની સાથે હમેંશા બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ સહિતની બિમારીને લઈને આવે છે. સાથે સાથે પર્સનલ લાઈફ પણ ડિસ્ટર્બ થવા લાગે છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લેવાની બાબત ઉપયોગી સાબિત થાય છે. સાથે સાથે ભુખ લાગે છે તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવાની જરૂર હોય છે. થાઈરાઈડ નિયમિત રીતે ચકાસી લેવાની પણ જરૂર રહે છે. સલાડનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો પણ સ્લીમ રહેવામાં મદદ મળે છે. કેટલાક યોગના આસન પણ ઉપયોગી સાબિત થાય છે. જેમાં સુર્યનમસ્કારનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિકો અને સંશોધકો હવે એક એવી રિસ્ટબેન્ડ શોધી કાઢવામાં સફળ રહ્યા છે જે તમામ લોકોને સ્લીમ રાખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આધુનિક સમયમાં ભાગદોડની દુનિયામાં લોકોની લાઈફ સ્ટાઈલ ખૂબ જ વ્યસ્ત બની ગઈ છે. આવા સમયમાં લોકો જુદી જુદી તકલીફથી પરેશાન થયેલા છે. આ તમામ કારણોસર શરીર વધી જાય છે. સ્થૂળતાથી લોકો ગ્રસ્ત થયેલા છે. આવા સમયમાં ડાયટીંગ ઉપર લોકો ધ્યાન આપતા થયા છે. સવારે નિયમિતપણે કસરત અને જુદા જુદા પ્રકારના ડાઈટ લેવાનું લોકો પસંદ કરે છે. હવે રિસર્ચ સંશોધકોએ એક એવા બ્રેસલેટની શોધ કરી છે જે સ્લીમ રાખવામાં તથા વજનને કાબૂમાં રાખવામાં



જ્યારે પેટ બહાર આવી જાય ત્યારે અમારી પર્સનાલિટીમાં પહેલા જેવી વાત રહી જતી નથી : સ્લીમ રહેવા કેટલાક તરીકા અજમાવી શકાય છે

ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ બ્રેસલેટ વજનને ખૂબ જ આરોગ્યના તરીકાથી ઘટાડશે. અપ બ્રેસલેટ કોઈપણ વ્યક્તિને વધુ સંતુલિત લાઈફ સ્ટાઈલ આપવામાં મદદરૂપ બનશે. હાથમાં બાંધવામાં આવનાર આ બ્રેસલેટ યુઝરની ખાવાની પ્રવૃત્તિ, તેની ટેવ, ઊંઘવાની ટેવ અને અન્ય તમામ એક્ટિવીટી ઉપર નજર રાખશે. આ વિશેષ પ્રકારના સાધનથી લોકોને આધુનિક સમયમાં મદદ મળશે. બ્રિટનના લોકપ્રિય અખબાર ડેલી મેલે સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે આ બ્રેસલેટ ઊંઘની અછત ધરાવતા લોકો માટે જરૂરી સૂચન અને સંકેત પણ કરી શકશે. ઈતિહાસમાં પ્રથમ વખત લાઈફ સ્ટાઈલ રોગને રોકવામાં પણ મદદ મળશે. હાથમાં બાંધવામાં આવનાર આ રિસ્ટ બેન્ડ અથવા તો બ્રેસલેટની કિંમત હજુસુધી જારી કરવામાં આવી નથી પરંતુ કહેવામાં આવ્યું છે કે આની કિંમત તમામ લોકોને પોસાય તેવી રાખવામાં આવશે. જુદા જુદા કલરોમાં વિશ્વાસ રાખનાર લોકો માટે પણ આ બેન્ડ ઉપલબ્ધ રહેશે. જુદા જુદા રંગના બેન્ડ લોકો પોતાની વસ્ત્રોની પસંદગી મુજબ પહેરી શકશે.તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબીત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફલેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ગટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબીત થાય છે. હાઇ ફેટ ડાઇટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ઘણો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઇચ્છીત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઇ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે. આસામના જોરહાટ વિસ્તારમાં ટી રિસર્ચ એસોશીએશનના વૈજ્ઞાનિક દેવાજીત બોર્થકુરે કહ્યું છે કે જ્યારે ચામાં દૂધ નાંખીને પીવામાં આવે છે ત્યારે દૂધના પ્રોટીન સાથે તેમાં રહેલા ઘટકો ભળી જાય છે. તેમણે કહ્યું છે કે અમને દૂધ પ્રોટીનમાંથી અથવા તો આ ઘટકોમાંથી કોઇપણ આરોગ્યના લાભ મળી શકતા નથી. જેથી દૂધ વગર ચા પીવાની સલાહ વૈજ્ઞાનિકો આપેછે. જાપાનમાં વૈજ્ઞાનિકોદ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ચામાંથી ઘટકોનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો તેનાથી પણ ફેટના પ્રમાણને ઘટાડી શકાય છે. જાપાનમાં કીરીન બેવેરેજ કંપની સાથે સંકાળાયેલા એક વૈજ્ઞાનિકે કહ્યું છે કે, જાપાનમાં પણ વ્યાપક પ્રમાણમાં અભ્યાસની પ્રક્રિયા ચલાવવામાં આવી છે.

બિનસુરક્ષિત સેક્સ સંબંધોના કારણે જીવલેણ બિમારી થાય છે...

માઈકોપ્લેજમા જેનિટેલિયમ ઘાતક છે

બિનસુરક્ષિત સેક્સ સંબંધના કારણે એચઆઈવી ઉપરાંત અન્ય કેટલીક ગંભીર પ્રકારની બિમારીઓ પણ થઇ શકે છે. હાલના દિવસોમાં માઈકોપ્લેજમા જેનિટેલિયમ (એમજી) નામની બિમારી દુનિયાભરના આરોગ્ય નિષ્ણાંતો માટે ચિંતાજનક બની રહી છે. આની સારવાર ખુબ જ જટિલ અને મુશ્કેલરૂપ બનેલી છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે એચઆઈવીની જેમ જ આ બિમારી પણ રોકેટ ગતિથી વિશ્વના દેશોમાં ફેલાઈ રહી છે. શંકા એવી પણ છે કે આ સુપરબગ સાબિત થઈ શકે છે. એક રિપોર્ટની વાત કરવામાં આવે તો બ્રિટીશ એસોસિએશન ઓફ સેક્યુઅલ હેલ્થ એન્ડ એચઆઈવી દ્વારા સ્થિતીની ગંભીરતાને ધ્યાનમાં લઈને બિમારીના સંબંધમાં એડવાઈઝરી પણ જારી કરી દીધી છે. નિષ્ણાંતોના કહેવા મુજબ માઈકોપ્લેજમા જેનિટેલિયમ બિમારીના કોઈ શરૂઆતી લક્ષણ હોતા નથી. પરંતુ કેટલાક નિષ્ણાંતો દાવો કરે છે કે આ બિમારીના કારણે મહિલા અને પુરૂષોના જનનાંગો પર ઈન્ફેક્શન થઈ જાય છે. આ એટલા ખતરનાક છે કે તેના કારણે મહિલાઓ માતા બનવાની તક ગુમાવી દે છે. તેના શરૂઆતી લક્ષણ સરળતાથી સમજી શકાતા નથી. જેથી સારવારમાં પણ તકલીફ થાય છે. જો સારવાર યોગ્ય રીતે કરવામાં ન આવે તો તેના પર એન્ટી બાયોટિકની અસર પણ દેખાતી નથી.એમજી શુ છે તે અંગે સામાન્ય પ્રશ્નો કરે છે ત્યારે નિષ્ણાંત તબીબો કહે છે કે એમજી એક જીવાણુ તરીકે છે. જેના કારણે પુરૂષો અને મહિલાઓને યુરિનના રસ્તે સોજા થઈ શકે છે. જેના કારણે દુખાવો રહે છે. રક્તસ્ત્રાવ જોવા મળે છે. તાવની અસર રહે છે. એચઆઈવીની જેમ જ બિનસુરક્ષિત સેક્સ સંબંધને આ બિમારીના મુખ્ય લક્ષણ તરીકે જોવામાં આવે છે. જાણકાર લોકો કહે છે કે કોન્ડોમના ઉપયોગથી આ ઈન્ફેક્સનને રોકવામાં મદદ મળી શકે છે. આ બિમારીના સંબંધમાં પ્રથમ વખત માહિતી બ્રિટનમાં ૧૯૮૦માં સપાટી પર આવી હતી. એ વખતે માત્ર એકથી બે ટકા લોકો જ આ ઈન્ફેક્શનથી પ્રભાવિત થયા હતા. એમજીની તપાસ માટે હાલમાં કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા છે. જો કે આટેસ્ટ તમામ હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી. આની સારવાર દવા અને એન્ટીબાયોટિકથી શક્ય છે. આ બિમારીની સારવાર માટે એન્ટીબાયોટિક્સ સૌથી ઉપયોગી ગણવામાં આવે છે. જો કે જોવામાં આવ્યુ છે કે તેની સારવારમાં આવનાર એન્ટીબાયોટિક્સ મેક્રોલિડ્સની અસર હવે દુનિયામાં ઓછી થઈ છે. બ્રિટનના લોકોમાં તેના અસરમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે. જે ચિંતાજનક બાબત રજૂ કરે છે. જો કે હાલમાં એક બીજી એન્ટીબાયોટિક્સ એજિથ્રોમાઈસિન ખુબ જ મદદકાર સાબિત થઈ રહી છે. બિમારીના સંબંધમાં લોકો પાસે ખુબ ઓછી માહિતી હોવાના કારણે જટિલ સ્થિતી સર્જાઈ રહી છે. એમજી તરીકે રહેલી રહેલી બિમારી સેક્સ સંબંધોના કારણે થાય છે. અન્ય કારણ પણ છે પરંતુ સૌથી મુખ્ય કારણ તો બિનસુરક્ષિત સેક્સ સંબંધ છે.આ ઈન્ફેક્શનના કારણે કેટલાક લક્ષણ રહેલા છે. પુરૂષોની વાત કરવામાં આવે તો યુરિન વેળા દુખાવો રહે છે. સાથે સાથખે પિડા વદારે હોવાથી તાવની અસર થાય છે. જ્યારે મહિલાઓમાં સેક્સ બાદ બ્લિડિંગની સમસ્યા જોવા મળે છે. ઈન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઈ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઈ ગઈ છે. યુવા પેઢી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્ન સામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઈ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં જ્યારે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે બ્રિટનમાં રહેનાર એક ૧૯ વર્ષીય યુવતીએ કહ્યું હતું કે ઈન્ટરનેટ ઉપર ચાલી રહેલી પોર્ન સાઈટોના પ્રભાવ ખૂબ જ ખતરનાક છે. તેના કહેવા મુજબ સેક્સની શરૂઆતથી જ પુરુષોના દિમાગમાં પોર્ન સાઈટોના દૃશ્ય અથવા તો સીન ઊભરવા લાગી જાય છે. આ લોકો સેક્સ વીડિયો અંગે વિચારતા થી જાય છે. આ યુવતીએ એમ પણ કહ્યું હતું કે પુરુષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઈ છે. વિકૃત સેક્સને લઈને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે. કેટલાક લોકોનું કહેવું છે કે પ્રેમીને સેક્સવેળા નારાજ કરવાની બાબત કોઈપણ ચલાવી લે તેમ નથી. પોર્ન સાઈટોના સીન મોટાભાગે યુવાપેઢીના દિલોદિમાંગ ઉપર છવાયેલા રહે છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે ખૂબસુરત અને ફિટનેશ ધરાવતી યુવતીઓ હોય છે જેથી યુવા પેઢી પણ આ યુવતીઓને આ પ્રકારની પુરુષોથી પ્રભાવિત હોય છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે કેમેરાની કરામત હોય છે. પરંતુ યુવા પેઢી આ બાબતથી વાકેફ હોતી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે પોર્ન સાઈટ મારફતે સેક્સની રમત રમી શકાય છે પરંતુ આનંદની લાગણી લેવી અશક્ય છે. આ પ્રકારની વિકૃતિ પણ ઈન્ફેક્શન માટે જવાબદાર છે. આ પ્રકારની ટેવ એમજી તરફ દોરી શકે છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

---

the next big thing

URMI

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી
એક
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN



૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ
- URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો
- 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.

સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) સબસીડીપાત્ર **ઓટોમેટિક થ્રેશર**
ઘઉં-ચણાનું (ડાલા, તુવેર, સોયાબીન, જુવાર, બાજરો, ચણા - ૨૭ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર સબસીડીપાત્ર ૯ ફૂટ કટર

હાર્વેસ્ટર (ભીની તથા મોકું) (સ્વરાજ તથા અન્ય પંજાબના કોઇપણ હાર્વેસ્ટર) સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ કટર

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (જાનું/મોકું)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી) સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો લેઝર લેવલર (સિંગલ - ડબલ ટાયર) ઓરીજીનલ જર્મની - ઇટાલી સબસીડીપાત્ર

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર) હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

